દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શુક્રવાર ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬

# પીએસએલવીની સતત બીજી નિષ્ફળતાથી ઈસરોની શાખને મોટો ફટકો પડ્યો છે

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ના પોલર સેટેલાઇટ લોન્ચ વ્હીકલ (PSLV) ની 62મી ઉડાનમાં મળેલી તાજેતરની નિષ્ફળતા બાદ, વૈશ્વિક સેટેલાઇટ લોન્ચ માર્કેટમાં એક મુખ્ય ખેલાડી તરીકે ઉભરી આવવાની ભારતની મહત્વાકાંક્ષાઓને ગંભીર ફટકો પડ્યો છે. લાંબા સમયથી ભારતના સૌથી ભરોસાપાત્ર વર્કહોર્સ રોકેટ તરીકે ઓળખાતા PSLV ની તાજેતરની નિષ્ફળતાએ વિશ્વસનીયતા અને વ્યૂહાત્મક સજ્જતા પર એવા સમયે અસહજ પ્રશ્નો ઉભા કર્યા છે જ્યારે અવકાશ ક્ષેત્રે સ્પર્ધા અત્યંત તીવ્ર છે. ઇસરોનું આ રોકેટ સોમવારે નિષ્ફળ ગયું હતું અને ૧૬ ઉપગ્રહો અવકાશમાં ખોવાઇ ગયા હતા, જેમાં બે વિદેશી સેટેલાઇટ હતા. એક તો યુકે અને થાઇલેન્ડે સંયુક્ત રીતે વિકસાવેલ ભૂનિરીક્ષણ ઉપગ્રહ હતો જ્યારે બીજો સ્પેનનો ઉપગ્રહ હતો, તે જો કે ખરેખર એક પ્રોટોટાઇપ રિ-એન્ટ્રી વેહીકલ હતું. આ પેલોડે જો કે બાદમાં એક સંદેશો મોકલ્યો હોવાનું જાણવા મળ્યું છે પણ નુકસાન મોટું તો છે જ. ખોવાયેલા ઉપગ્રહોમાં DRDOનો ‘અન્વેષા’ સામેલ હતો, જે લગભગ 500 કિમીની ઊંચાઈએથી શત્રુ સૈન્યની હિલચાલ જાણવા માટેનો એક વ્યૂહાત્મક ‘સુપર-આઈ’ ઉપગ્રહ હતો. આ ઉપરાંત, ‘આયુલસેટ’, જે ભારતનો પ્રથમ ઇન-ઓર્બિટ ફ્યુઅલિંગ (અવકાશમાં બળતણ ભરવા માટેનો) ઉપગ્રહ હતો, અને ‘CGUSAT’, જે ખાસ કરીને કટોકટીના સમયે સંચાર અને આપત્તિ વ્યવસ્થાપન માટે વિકસાવવામાં આવેલો વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત નાનો લો અર્થ ઓર્બિટ (LEO) ઉપગ્રહ હતો. નોંધપાત્ર વાત એ છે કે પીએસએલવી રોકેટને સતત બીજી વખત નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો છે. આ પહેલા મે મહિનામાં પણ આ પ્રકારની જ ગરબડ સર્જાઇ હતી જે બાબત ચિંતાજનક છે.

આ મિશનમાં સર્જાયેલી ખામીને કારણે સહ-મુસાફર તરીકે જઈ રહેલા વિદેશી ઉપગ્રહો ગુમાવ્યા છે તે ઇસરોના વેપારી મિશનો માટે મોટો આંચકો છે. આંતરરાષ્ટ્રીય ગ્રાહકો, ખાસ કરીને નાના સેટેલાઇટ ઓપરેટર્સ અને સ્ટાર્ટઅપ્સ માટે લોન્ચિંગની વિશ્વસનીયતા સર્વોપરી હોય છે. એક જ મિશનમાં અનેક અવકાશયાન ગુમાવવાથી નાણાકીય નુકસાન વધે છે અને વિશ્વાસમાં ઘટાડો થાય છે. ભારત જ્યારે SpaceX, Arianespace અને અન્ય ખાનગી લોન્ચ પ્રોવાઇડર્સના ખર્ચ-અસરકારક વિકલ્પ તરીકે પોતાની જાતને રજૂ કરી રહ્યું છે, ત્યારે આ પ્રકારનું નુકસાન પોષાય તેમ નથી. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે ટૂંકા ગાળામાં બે PSLV મિશનની આ બીજી નિષ્ફળતા છે. ભલે ખામીઓ ટેકનિકલી અલગ હોય, પરંતુ તેની નકારાત્મક છાપ ગંભીર છે. દાયકાઓના લગભગ દોષરહિત રેકોર્ડ પર PSLV એ વૈશ્વિક સ્તરે જે નામના મેળવી હતી તે હવે દબાણ હેઠળ છે. કોમર્શિયલ લોન્ચિંગના વ્યવસાયમાં વિશ્વાસ જેટલી ઝડપથી બને છે તેના કરતા વધુ ઝડપથી ગુમાવી શકાય છે. ભારત જ્યારે ગ્લોબલ સેટેલાઇટ લોન્ચ માર્કેટ, ખાસ કરીને સ્મોલસેટ અને રાઇડશેર સેગમેન્ટમાં મોટો હિસ્સો મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે, ત્યારે આ નિષ્ફળતાનો સમય અત્યંત પ્રતિકૂળ છે. આ નિષ્ફળતા ગ્રાહકોને અન્ય સાબિત થયેલા વિકલ્પો તરફ ધકેલી શકે છે. અહેવાલો સૂચવે છે કે ભારતે આ મિશનમાં પોતાનો એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ઉપગ્રહ પણ ગુમાવ્યો છે, જે દેખરેખ, સંચાર અથવા પૃથ્વી અવલોકન જેવા ક્ષેત્રોમાં રાષ્ટ્રીય ક્ષમતાઓને ફટકો છે. આવા ઉપગ્રહો સરળતાથી કે ઝડપથી બદલી શકાતા નથી, જે રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમી બની શકે છે. ભારતે જે ઉપગ્રહ ગુમાવ્યો છે તે શત્રુ દેશની લશ્કરી હિલચાલ પર નજર રાખવામાં ઉપયોગી થાય તેવો હતો.

ISRO માટે PSLV ની આ ખામી એ વાત પર ભાર મૂકે છે કે ભૂતકાળની સફળતા ભવિષ્યના વર્ચસ્વની ગેરંટી આપતી નથી. જેમ જેમ લોન્ચ વ્હીકલ્સ વધુ જટિલ બનતા જાય છે, તેમ સાતત્ય અને સખત ગુણવત્તા નિયંત્રણ બિન-વાટાઘાટપાત્ર બની જાય છે. ભારતનો અવકાશ કાર્યક્રમ મજબૂત અને નવીન છે, પરંતુ PSLV ની આ નિષ્ફળતા એક કઠોર સત્ય તરફ નિર્દેશ કરે છે: વૈશ્વિક અવકાશ અર્થતંત્રમાં નેતૃત્વ કરવા માટે, વિશ્વસનીયતા મહત્વાકાંક્ષા જેટલી જ મજબૂત હોવી જોઈએ. હવે આગામી રોકેટ લોન્ચ કરવા જેટલું જ મહત્વનું PSLVમાં ફરીથી વિશ્વાસ સ્થાપિત કરવાનું રહેશે.

## બચતનો ખરો ઉપયોગ

રિટાયર હેડ માસ્ટરનો ત્રણ દીકરા, ત્રણ વહુઓ અને પૌત્ર અને પૌત્રી સાથેનો બહોળો પરિવાર હતો. માસ્ટરજી ઘરના વડીલ હતા તેમણે એક અનોખો નિયમ બનાવ્યો હતો કે એક મોટી ગુલ્લક ઘરમાં રાખી હતી અને બધાએ રોજ કંઈક ને કંઈક બચત કરી તેમાં પૈસા નાખવા. અને દર ત્રણ મહિને જ્યારે તે ગુલ્લક ભરાય જાય ત્યારે તે તોડવામાં આવતી અને પછી માસ્ટરજી દરેક સભ્યને તેમની કોઈ એક ખાસ જરૂરિયાત કે ઈચ્છા પૂછતા અને પછી તેમને જે જે સભ્યની જરૂરિયાત સૌથી મહત્વની લાગતી તેને પૈસા હોય તે પ્રમાણે પૂરી કરવાનું તેઓ નક્કી કરતા અને તે સભ્યને પૈસા આપતા અને પછી ફરી નવી ગુલ્લક ગોઠવાઈ જતી અને તે રોજે રોજ બધા દ્વારા ભરવામાં આવતી.

આજે આ ગુલ્લક તોડવાનો દિવસ હતો, પરિવારના બધા સભ્યોની સામે ગુલ્લક તોડવામાં આવી અને બધા પૈસા ગણીને માસ્ટરજીએ ભેગા કર્યા અને ઘરના બધા સભ્યોએ પોતાની ઈચ્છા અને જરૂરીયાતને વધારી ચઢાવીને કહી,

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

માસ્ટરજીએ બધાની વાત સાંભળીને લખી લીધી અને પૈસા ગણવા લાગ્યા. બધા આ વખતે પોતાને પૈસા મળે તેની મનોમન પ્રાર્થના કરવામાં વ્યસ્ત હતા અને આ બાજુ માસ્ટરજીની નજર ઘરમાં કામ કરતા મેના માસી પર પડી તેઓ બારણાની આડાશ લઈને ઉભા હતા, તેમની નજર પૈસાની ઢગલી પરથી ખસતી જ ન હતી.

માસ્ટરજીએ તેમને બૂમ પડી બહાર બોલાવ્યા અને પૂછ્યું, ‘મેના બહેન, આમ બારણા પાછળ ઊભીને શું જુઓ છો અહીં આવો અને તમારી કોઈ ઈચ્છા હોય તો જણાવો.’ મેના બહેન ઓછપાઈ ગયા અને ઘરના બધા સભ્યો વિચારવા લાગ્યા કે આ ગુલ્લકમાં તો અમે બધાએ પૈસા નાખ્યા છે તો પછી એમાં મેના બહેનની ઈચ્છા પૂછવાની વાત ક્યાંથી આવી?

કોઈ કઈ બોલ્યું નહિ પણ બધાના મોઢા તો બગડી જ ગયા. માસ્ટરજીએ ફરી ભાર દઈને પૂછ્યું, ‘મેના બોલ શું ઈચ્છા છે?’ મેના બહેન ધીમા અવાજે બોલ્યા, ‘સાહેબ આમ તો કોઈ ઈચ્છા નથી.પણ મારી નાનકી ભણવામાં બહુ હોશિયાર છે અને પેલો ફોન આવે છે ને તેમાં બધા જવાબ શોધીને ભણી શકાય, ક્યાંય ગયા વિના ઘર બેઠા ભણી શકાય તે ફોન નાનકીને જોઈએ છે પણ મારી પાસે તે લેવાના પૈસા નથી.’

માસ્ટરજીએ તરત પોતાના નાના દીકરાના હાથમાં પૈસા આપી કહ્યું, ‘દીકરા કાલે જ આ પૈસા નો સારો સ્માર્ટ ફોન મેના બહેનની નાનકી માટે લઇ આવજે.’ હજી થોડા પૈસા વધ્યા હતા તે ગણીને માસ્ટરજી બોલ્યા, ‘આ થોડા પૈસામાંથી પણ આપને કોઈ ઘરના સભ્ય માટે કઈ લેવું નથી આ પૈસામાંથી કાલે સવારે ભૂખ્યાને ભોજન કરાવશું. ચાલો આ વખતે આપની બચતનો ઉપયોગ પોતાને માટે નહિ પણ અન્યની ખુશી માટે કરીએ.’ માસ્ટરજીની વાત બધા માની ગયા, નાનકી માટે સ્માર્ટફોન આવી ગયો અને ભૂખ્યાઓને ભોજન પણ પીરસાઈ ગયું. કોઈને કઈ મળ્યું ન હતું છતાં બધા બહુ ખુશ હતા.

# પર્યાવરણ સંરક્ષણની ચર્ચાના કેન્દ્રમાં માનવને રાખનાર માધવ ગાડગીલને શ્રદ્ધાંજલિ

“જેમ જેમ જળ-વાયુ પરિવર્તન સાથે સંકળાયેલા કષ્ટની વહેંચણી અસમાન છે. જેમ જેમ આબોહવાના બદલાવમાં વેગ આવી રહ્યો છે તેમ સૌથી ગરીબ લોકોના ભાગે એનો ભાર વધારે સહન કરવાનો આવે છે.”આ શબ્દો હતા પ્રખ્યાત પર્યાવરણવાદી અને ‘ચેમ્પિયન ઓફ ધ અર્થ’ થી પુરસ્કૃત પ્રોફેસર માધવ ગાડગીલના, જેમણે સાત જાન્યુઆરીના રોજ, ૮૩ વર્ષની વયે આપણી વચ્ચેથી વિદાય લીધી. તેઓ ભારતીય વિજ્ઞાન સંસ્થાન (આઈ.આઈ.એસ.સી) સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા. બેંગ્લોરમાં તેમણે 1983માં સેન્ટર ફોર ઈકોલોજીકલ સાયન્સિસની સ્થાપના કરવામાં મદદ કરી હતી. તેઓ પાછળ છોડતા ગયા છે એમનું અતિ મૂલ્યવાન કામ. જે આપણને આજની પર્યાવરણની કટોકટીને સમજવામાં મદદ કરે છે. એમના કામમાં સ્થાનિક લોકો, એમના સંસાધનો, અને એમનો કુદરત સાથેનો સંબંધ કેન્દ્ર સ્થાને રહ્યા છે, જે આજના વિકાસના મોડેલ સામે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

માધવ ગાડગીલ, જેમણે શરૂઆત ‘ઉચ્ચ વર્ગના શહેરી સંરક્ષણવાદી’ તરીકે કરી પણ જેમ જેમ લોકોને મળતા ગયા અને અભ્યાસમાં ઉંડા ઉતરતા ગયા તેમતેમ તેમને સમજાતું ગયું કે ભારતના આ સામાન્ય માણસો તો પર્યાવરણ ચક્રનાં મહત્વના ઘટકો છે. જંગલ જેમને માટે ઘર હતું એવા હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના અધિકારોની તેમણે હિમાયત કરી. ૨૦૧૧મા તેમની આગેવાની હેઠળ તૈયાર થયેલો પશ્ચિમ ઘાટી પર્વત માળા અંગેનો રીપોર્ટ આ જ સંદર્ભે સીમા ચિન્હ રૂપ કામ છે. જે વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ વચ્ચે ઉભી થતી અઘરી પસંદગી માટે મહત્વનો દૃષ્ટિકોણ પૂરો પડે છે. આ રીપોર્ટ લોકશાહી અને સંપૂર્ણ પારદર્શી પ્રક્રિયા દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો, જેમાં સરકારી અધિકારીથી શરુ કરી ગામડામાં વસતા છેવાડાના માણસ સુધી સૌના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. આ રીપોર્ટ માટે કરવામાં આવેલા ઉંડાણ

## કહેવાની વાત

**નેહા શાહ**

> **માધવ ગાડગીલ માનવ અધિકારોને હંમેશા પ્રાધાન્ય આપતા રહ્યા. 1972ના વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ અંગે તેઓ માનતા હતા કે એ આ કાયદો ભારતના સામાન્ય લોકોને તાબે કરવા માટે વન વિભાગોના હાથમાં હથિયારનું કામ કરે છે**

પૂર્વકનાં અભ્યાસની સમગ્ર વિશ્વમાં સરાહના થઇ હતી. આજથી પંદર વર્ષ પહેલા આ રીપોર્ટે નીલીગીરી સહીત સમગ્ર પશ્ચિમ ઘાટની પર્વતમાળાને પર્યાવરણની દૃષ્ટીએ સંવેદનશીલ જાહેર ગણાવ્યા હતા. બજાર તરફી અર્થતંત્ર પર સીધું નિશાન તાકવામાં આવ્યું હતું અને લોકોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા હતા. જે પહાડી અને એના જંગલો દ્વારા સ્થાનિક આજીવિકાને સદીઓથી ટેકો મળ્યો હોય એના જતન માટે એ જ સમુદાયોનો સમાવેશ કરવાની હિમાયત કરવામાં આવી હતી. તત્કાલીન મનમોહન સિંઘ સરકારે માધવ ગાડગીલની સલાહ માંગી હતી. પર્યાવરણ સામે ઉભેલો ખતરો જોઈ તેમણે પશ્ચિમ ઘાટીમાં કોઈ નવા ઉદ્યોગોને મંજૂરી નહિ આપવાનું અને ચાલુ ઉદ્યોગોને ધીમે ધીમે બંધ કરી ત્યાંથી હટાવી લેવાની સલાહ આપી હતી. તેમની હિમાયત જી.ડી.પી લક્ષી નહોતી એટલે રાજકીય વર્ગને સ્વીકાર્ય નહોતી. ભારત સરકાર અને પશ્ચિમ ઘાટીના સંબંધિત તમામ પાંચ રાજ્યોએ આ અહેવાલની ભલામણોને નકારી કાઢી, અને અન્ય વિજ્ઞાની શ્રી કસ્તુરી રંગમના વડપણ હેઠળ એક બીજી સમિતિની રચના કરી જેણે પશ્ચિમ ઘાટીના માત્ર ૩૭ ટકાને જ સંવેદનશીલ વિસ્તાર તરીકે જાહેર કર્યો. પર્યાવરણનો વિનાશ નોતરતી ઔદ્યોગિક પ્રવૃત્તિઓ ચાલુ રહી પણ ગાડગીલ સમિતિના રીપોર્ટનો આત્મા, એટલે કે વિકાસના મોડેલ સામે ઉભા કરવામાં આવેલા પ્રશ્નો કાયમ છે, જે દિવસે ને દિવસે વધુને વધુ પ્રસ્તુત બનતા જાય છે. આજે અરવલ્લીની વ્યાખ્યા નવેસરથી કરવાનો વિવાદ ચાલી રહ્યો છે, જેના કેન્દ્રમાં પણ આ જ તો મુદ્દાઓ છે.

વૈશ્વિક સ્તરે ચાલતી પર્યાવરણ સંરક્ષણની ચર્ચા ઘણીવાર ફંટાઈ છે. બાયોડાયવર્સિટી (જૈવિક વૈવિધ્ય)ના નામે ઘણી વાર સાચી રીતે તો અનેક વાર કૃત્રિમ રીતે માનવ અધિકારોને અવગણી વન્યજીવના સંરક્ષણને અગ્રીમતા પામતી હોય છે. માધવ ગાડગીલ માનવ અધિકારોને હંમેશા પ્રાધાન્ય આપતા રહ્યા. 1972ના વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ અંગે તેઓ માનતા હતા કે એ આ કાયદો ભારતના સામાન્ય લોકોને તાબે કરવા માટે વન વિભાગોના હાથમાં હથિયારનું કામ કરે છે. ખાસ કરીને વનવગડાની પેદાશોને વીણવાનાં કામને ગુનાહિત કૃત્ય ગણી સ્થાનિક લોકોના જંગલ પરના અધિકારને છીનવી લેવાનું કામ થાય છે. તેમના મત પ્રમાણે વિકાસનું વર્તમાન મોડેલ લોકો પર થોપી બેસાડવામાં આવ્યું છે. ગયા વર્ષે જ્યારે કેરાલાના વાયનાડમાં ૨૦૨૪માં આશરે ૨૫૦ લોકોનો જીવ લેનાર ભૂસ્ખલનનાં સંદર્ભે તેમણે કહ્યું હતું એક ખાણકામ અને પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગોને વિકાસની ખુલ્લી છૂટ આપવા માટે લોકોના સામૂહિક સંસાધનો પર તેમની સંમતિવિના જ દબાણ કરવામાં આવી રહ્યું છે. આ પ્રક્રિયા જનવિરોધી અને કાંઈક અંશે જૂલ્મી પણ છે. દરેક સરકારની નીતિનાં લક્ષ્યમાં દેખાતા વ્યાપારી હિતને કારણે ખેડૂતો અને સ્થાનિક લોકોના અધિકારોની થતી અવગણનાથી તેઓ વ્યથિત હતા.

માધવ ગાડગીલ આજે આપણી વચ્ચે નથી પણ સામાજિક ન્યાય, સમાનતા, અને માનવ ગરિમા સચવાય એવા બંધારણીય મૂલ્યો માટે તેમણે સેવેલો આશાવાદ આપણી સાથે છે જે આપણને રસ્તો બતાવતા રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# રાજ્યની તમામ શાળા-કોલેજોમાં તરુણોને “પોક્સો” કાયદા વિષે ખાસ માહિતગાર કરવાની જરૂર છે

અંતે સુપ્રીમ કોર્ટે પણ સરકારનું ધ્યાન દોરવું પડ્યું કે સગીર બાળકોના શારીરિક શોષણના ગુનાઓમાં જ્યારે બન્ને પાત્રો સમવયસ્ક હોય અને ગુનો તરુણાવસ્થાના આવેગોમાં બન્યો હોય તો તેનો અલગ વિચાર કરવો પડે.

ભારતમાં નાની ઉંમરની છોકરીઓના શારીરિક શોષણના કિસ્સાઓ ખૂબ વધવા લાગ્યા અને જઘન્ય અપરાધ સામે દેશભરમાં આક્રોશ પણ ફેલાયો, એટલે સરકારે નાની બાળકીઓના શારીરિક શોષણનો ગુનો થાય ત્યારે ખાસ કાયદા દ્વારા ગુનેગારોને સજા આપવાનું નક્કી કર્યું.

“પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ ૨૦૧૨”. અઢાર વર્ષથી નાની વયનાં બાળકોને જાતીય શોષણના કિસ્સામાં ખાસ રક્ષણ પૂરું પાડે છે અને ગુનેગારો સાથે કડકાઈથી વર્તે છે. વળી આમાં છોકરી જો નાની ઉંમરની છે તો તેને ભોળવી પટાવીને આચરવામાં આવેલો ગુનો પણ દુષ્કૃત્ય જ ગણવામાં આવે છે. ભલે તે સંમતિથી આચરવામાં આવ્યું હોય.

ભારતમાં સ્ત્રીઓ તરફ આચરાતા ગુનાઓ અને તેમના આર્થિક શારીરિક શોષણનો લાંબો ઈતિહાસ છે. સ્ત્રી કોઇ પણ જ્ઞાતિની હોય ,ધર્મની હોય કે કોઈ પણ ઉંમરની હોય, તેને શોષણ કે અત્યાચારનો ભોગ ગણવાનું થાય છે અને સ્ત્રીને કોઈ પણ ઉંમરે અત્યાચારનો ભોગ બનવું પડે છે. અત્યાચારના કિસ્સાઓનું વર્ગીકરણ કરતાં સમજાયું છે કે સ્ત્રીઓ પર શારીરિક દુષ્કૃત્યમાં મોટે ભાગે ઓળખીતા અને સગાંવ્હાલાંઓનું પ્રમાણ વધારે હોય છે. છેલ્લાં વર્ષોમાં ઘર કુટુંબનાં સભ્યો દ્વારા નાની બાળકીઓને અડપલાંના કિસ્સાઓ આઘાતજનક રીતે વધી ગયા છે. આ અશ્લીલ ફિલ્મો કે મોબાઈલમાં સહજ બનેલા વિડીઓની આડ અસર ગણો કે અન્ય કારણો પણ જાતીય આવેગોનું પ્રમાણ વધતું જાય છે અને સમાજ હજુ કુંઠિત જ છે એટલે તેની આડ અસરના ભાગ રૂપે નજીકના સમ્બન્ધમાં આવતી દીકરીઓ વિકૃત લોકોના અત્યાચારનો ભોગ બને છે. આવા ગુનાઓમાં આરોપીને જામીન પણ મળતા નથી અને સજા ભોગવવી જ પડે છે. આવા કિસ્સાઓમાં ભોગ બનનારનું નિવેદન જ અગત્યનું બને છે. આરોપ ખોટા છે તે પુરવાર કરવાની જવાબદારી આરોપીની બને છે અને માટે પોસ્કોમાં ભોગ બનનારની ઉંમર ખૂબ મોટો ભાગ ભજવે છે.કાયદો હોય એટલે તેના સારા અને નરસા અનુભવ થાય જ. છટકબારીઓ અને અર્થઘટનના વિવાદ થાય જ. પોસ્કો- એક ઉપયોગી કાયદો હોવા છતાં તેમાં એક મુદ્દો સૌથી ચર્ચાસ્પદ બન્યો છે તે છે તરુણ બાળકો વચ્ચે શારીરિક સમ્બન્ધ! આ કાયદા મુજબ જો અઢાર વર્ષથી નાની ઉંમરનાં છોકરો અને છોકરી શારીરિક સમ્બન્ધ બાંધે તો તે ગુનો છે અને આ ગુનામાં છોકરો અઢાર વર્ષનો થાય પછી તેને સજા ભોગવવી પડે છે એટલે અણસમજમાં ને ઉંમરના આવેગમાં થયેલી ભૂલ પણ મોટો ગુનો બને છે.

ભારતમાં વ્યાપક જાતિવાદ અને સામાજિક રુચિના કારણે સંમતિથી બાંધેલા સંબન્ધને પણ ઘરનાં વડીલો બળાત્કારની ફરિયાદમાં ફેરવી દે છે અને નાની ઉંમરનો છોકરો પણ મોટો ગુનેગાર બને છે.

સરકાર જો બાળકીઓ પરના અત્યાચારો ખરેખર ઘટાડવા માંગતી હોય તો તેણે પોસ્કોની માહિતી દરેક શાળા કોલેજમાં ફેલાવવી જોઈએ. આ જાગૃતિ તરુણોમાં આપવી જરૂરી છે. આજે તરુણોમાં પુખ્તતા વહેલી આવે છે. માધ્યમોમાં ઉત્તેજક કન્ટેન્ટ વધતું જાય છે. આ સન્દર્ભમાં છોકરા છોકરીઓ મર્યાદા વટાવી જાય છે અને પુખ્ત થયા પહેલાં જ સંબંધ બાંધી બેસે છે. આપણે ધોરણ નવથી બારનાં વિદ્યાર્થીઓ અને વાલીઓ સુધી આ વાત પહોંચાડવી પડશે કે બન્ને જણાએ સંમતિથી સંબંધ બાંધ્યો હોય તો પણ નાની ઉંમરની છોકરી સાથે સંબંધ બનાવનાર છોકરો ગુનેગાર ગણાશે, ભલે તે પણ અઢાર વર્ષનો ના હોય! અને એ માટે તેને વીસ વર્ષ જેલમાં રહેવાનો વારો આવી શકે છે. “પોસ્કો”માં મૂળ વિચાર મોટી ઉંમરના અને સ્થાપિત હિત બનેલા પુરુષો દ્વારા નાની ઉંમરની છોકરીઓના શારીરિક શોષણના કિસ્સામાં ગુનેગારને કડક સજા આપવાનો હતો. સાથે સાથે સમાજના આગેવાન જૂથનાં લોકોનાં નાનાં યુવાનો પણ પોતાની વગ અને દાદાગીરીથી નાની બાળાઓને હેરાન કરે છે તેને પણ સજા મળવી જરૂરી છે તે વિચારે આ કાયદાને ઘડવામાં આવ્યો છે એટલે કાયદાની કલમોમાં ફેરફાર કરવા કરતાં તરુણોમાં સમજણ ફેલાવવાની જરૂર છે. દુનિયાના અત્યંત પ્રગતિશીલ દેશો પણ અઢાર વર્ષથી નાની ઉંમરનાં છોકરા છોકરીમાં શરીર-સમ્બન્ધને માન્ય કરતાં નથી માટે શાળાઓમાં જઈ જઈને સમજાવવું જરૂરી બન્યું છે કે છોકરા છોકરીઓ આવેગોને કાબૂમાં રાખતાં શીખે અને પુખ્ત ઉંમર પહેલાં મર્યાદા ના ઓળંગે, નહીં તો છોકરાઓની જિંદગી શરૂ થતાં પહેલાં જ કેદખાનું નક્કી થઈ જશે.

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

> **પોસ્કો- એક ઉપયોગી કાયદો હોવા છતાં તેમાં એક મુદ્દો સૌથી ચર્ચાસ્પદ બન્યો છે તે છે તરુણ બાળકો વચ્ચે શારીરિક સમ્બન્ધ! આ કાયદા મુજબ જો અઢાર વર્ષથી નાની ઉંમરનાં છોકરો અને છોકરી શારીરિક સમ્બન્ધ બાંધે તો તે ગુનો છે અને આ ગુનામાં છોકરો અઢાર વર્ષનો થાય પછી તેને સજા ભોગવવી પડે છે**

આજે ગુજરાતનાં અનેક ગામડાંઓમાં સામાજિક, આર્થિક પછાત વર્ગનાં નાની ઉંમરનાં છોકરા છોકરીઓમાં ફિલ્મી પ્રેમ અને તેમાંથી સર્જાતા પ્રશ્નોના કારણે પોસ્કોના એવા કિસ્સાઓ સામે આવ્યા છે જ્યાં ગુનાનું કારણ માત્ર અણસમજ છે. મૂળ કાયદો પણ આ લોકોને લાગુ પડશે તે કોઈએ વિચાર્યું ના હતું અને પરિણામે આજે અનેક એવા કિશોર છે જેઓ અઢાર વર્ષ પૂરાં થશે એટલે સીધા જેલમાં જશે! માટે જાગો અને નિર્દોષ તરુણો આ ગંભીર ગુનાના ગુનેગાર ના બને તેની સમજણ ફેલાવો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### અરવલ્લી જ નહિ બધા જ પહાડો અને જંગલો સુરક્ષિત કરવાની તાતી જરૂર

છેલ્લાં થોડાં વર્ષોમાં જે રીતે પહાડો અને જંગલો કાપીને રસ્તા બનાવામાં આવ્યા જેનું પરિણામ આપણે નોર્થ ઈસ્ટ અને હિમાચલ પ્રદેશમાં છેલ્લા બે ચોમાસામાં જોયું. ઘણા પહાડો જમીનદોસ્ત થઈને ખીણમાં તૂટી પડ્યા. સેંકડો માણસો મૃત્યુ પામ્યાં. પર્યાવરણને અપાર નુકસાન થઈ ચૂક્યું છે. મોટાં શહેરોનો AQI 400 ની ઉપર જઈ રહ્યો છે. એટલું જ નહિ,નાનાં શહેરોનો AQI પણ 200ની ઉપર જઈ રહ્યો છે. લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને ફેફસાંના રોગો થાય છે. એટલે હવે પર્યાવરણને વધુ નુકસાન થતું અટકાવવા બાકી રહેલા પહાડો અને જંગલોને સુરક્ષિત જાહેર કરવાની તાત્કાલિક જરૂર છે. નહિ તો પછી દેશનાં લોકો જાતજાતના રોગથી પીડાતાં થઈ જશે અને આયુષ્યમાં પણ ઘટાડો થશે. માટે સરકાર જો પગલાં નહિ લે તો પ્રજાએ જાગ્રત થઈને સરકારને પગલાં લેવાની ફરજ પાડવી જોઈએ.

**નવસારી - દોલતરાય એમ. ટેલર**

### ડિજિટલ યુગનો સ્ટ્રેસ : FOMO

આજનો યુગ ડિજિટલ યુગ તરીકે ઓળખાય છે, જ્યાં ઈન્ટરનેટ અને સોશ્યલ મીડિયાએ માનવીના જીવન, સંબંધો અને વિચારસરણીને નવી દિશા આપી છે. એક તરફ સોશ્યલ મીડિયાએ સંપર્કોને સરળ અને ઝડપી બનાવ્યા છે તો બીજી તરફ માનવીના વર્તન અને માનસિક સ્થિતિ પર ઊંડો પ્રભાવ પાડ્યો છે. આજે રૂબરૂ વાતચીત ઘટતી જાય છે અને વર્ચ્યુઅલ સંવાદ વધતો જાય છે. લોકો એકબીજાની પાસે હોવા છતાં સાથે નથી, એવું દૃશ્ય સામાન્ય બન્યું છે. સોશ્યલ મીડિયાના સતત ઉપયોગથી Fear of Missing Out (FOMO) જેવી માનસિક સ્થિતિ સર્જાય છે, જેમાં વ્યક્તિને લાગે છે કે બીજાં લોકો વધારે આનંદ, સફળતા અને સુવિધાઓ ભોગવી રહ્યાં છે. સોશ્યલ મીડિયામાં પોતાનું જીવન શ્રેષ્ઠ દેખાડવાની સ્પર્ધા વધી છે, જેના કારણે લોકો સતત પોતાની જાતને અન્ય સાથે સરખાવે છે. પરિણામે આત્મવિશ્વાસમાં ઘટાડો, ચિંતા, અકળામણ અને હતાશા વધે છે. સર્વે મુજબ મોટી સંખ્યામાં યુવાનો સોશ્યલ મીડિયામાં તુલનાના કારણે અસંતોષ અને તણાવ અનુભવે છે. ખાસ કરીને મહિલાઓમાં તેનો પ્રભાવ વધુ જોવા મળે છે. આ ડિજિટલ સ્ટ્રેસથી મુક્ત થવા માટે ડિજિટલ ડીટોક્સ અને સમય-નિયંત્રણ જરૂરી છે. વાસ્તવિક જીવન, પરિવાર, મિત્રો અને પ્રકૃતિ સાથે જોડાણ વધારવાથી જ માનસિક સ્વસ્થતા જાળવી શકાય છે અને યુવાનોને બચાવી શકાય છે.

**મોટા વરાછા, સુરત- યોગેન્દ્ર પટેલ**

### મોદીના વિદેશ પ્રવાસની ફળશ્રુતિ

મોદીના વિદેશ પ્રવાસો અંગે વિપક્ષી નેતાઓ કે વિરોધીઓ વ્યંગ્ય કે ટીકા કરવાનું છોડતા નથી, પણ તેમની વિદેશ યાત્રાઓથી દેશને શું લાભ થયો છે? તેનું વિશ્લેષણ કોઈ કરતું નથી. છેલ્લા કેટલાક મહિનાઓથી ટ્રમ્પ આપણને ધમકાવી રહ્યો છે કે, રશિયા જોડેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરી દો, નહીં તો ટેરિફ નાંખીશું. આવી પરિસ્થિતિની કલ્પના કદાચ મોદી સરકારને હશે જ, એટલે આવી ધમકીને પહોંચી વળવાની યોજના પર કામ પહેલેથી ચાલુ કરી દીધુ હતું. આકસ્મિક યુદ્ધની સ્થિતિ સર્જાય તો બે મહિના સુધી ચાલે એટલું ક્રૂડ ઓઈલ અને તેને પ્રોસેસ કરવાની ક્ષમતા હોવી જોઈએ. દેશમાં પેટ્રોલિયમ રિઝર્વ કરવાની ક્ષમતા, કર્ણાટક અને દેશનાં બીજાં રાજ્યોમાં ઊભી કરવા માંડ્યા છે. ગયા ઓક્ટોબર મહિનામાં એક નાના દેશ ગુયાનાની મુલાકાત તેમણે લીધી હતી. ગુયાનાના પેટાળમાં એક અંદાજ મુજબ ૧૧ અબજ બેરલ જેટલો ક્રૂડ ઓઈલનો ભંડાર પડેલો છે. મોદીની ગુયાનાની મુલાકાતની ફળશ્રુતિરૂપે ગુયાનાએ હમણાં આપણી ઓએનજીસી અને રિલાયન્સને તેના ઓફશોર બ્લોકની હરાજીમાં આમંત્રિત કરેલી. એટલે કે હવે, આપણે ત્યાં પેટાળમાં રહેલા ક્રૂડ ઓઈલના ભંડારો શોધવાના, કાઢવાના અને રીફાઈન્ડ પણ કરશે. પહેલાં વેનેઝુએલા ગુયાનાના ક્રૂડ ઓઈલના ભંડારો પર કબજો મેળવવાની ધમકી આપી રહ્યું હતું પણ મોદીની ગુયાનાની મુલાકાતે વેનેઝુએલાની બાજી ઊંધી વાળી દીધી. તો આ હતી મોદીના વિદેશ પ્રવાસની ફળશ્રુતિ.

**નેત્રંગ, ભરૂચ- જયસીંગ ગામીત**

### ઑક્સિજન વેચાતો ન મેળવવો હોય તો પર્યાવરણ બચાવો

માનવીની મૂળભૂત જરૂરિયાતો હવા, પાણી અને ખોરાક, આ ત્રણ પૈકી ફક્ત હવા જ મફતમાં મેળવીએ છીએ જ્યારે પાણી જે સ્થાનિક સંસ્થા તરફથી પૂરું પાડવામાં આવે છે તેનો વેરો વસૂલવામાં આવે છે. ગાંધીનગર, ઈન્દોર, અમદાવાદ અને બેંગલોર શહેરમાં પ્રશાસન દ્વારા પૂરું પાડવામાં આવી રહેલ પાણી દૂષિત મળે છે એવી ફરિયાદ ઊઠી છે. આ બધાં શહેરોમાં પીવાના પાણીની સાથે ગટર લાઈન નજીક હોવાથી આવું બનવા પામે છે. નજીકના દિવસોમાં હવા મેળવવા માટે પણ નાણાં ચુકવવા પડશે એવું લાગી રહ્યું છે. ખાસ કરીને ગરીબ અને વંચિત વર્ગોની ફરિયાદ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે છે. ભારતનાં મોટાં શહેરોમાં વૃક્ષનું નિકંદન થવાથી બીજાં અનેક પ્રકારનાં કારણોસર હવામાં પ્રદૂષણ ફેલાય છે. કોરોનાના સમયમાં ઑક્સિજન વેચાતો મળવો મુશ્કેલ હતો. આગામી સમયમાં ઑક્સિજન વેચાતો ન મેળવવો હોય તો પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અભિયાન હાથ ધરવું પડશે. દરેક માનવીની ફરજ છે કે દરેક નાગરિકને સ્વચ્છ હવા, પીવાનું પાણી ચોખ્ખું અને સારો ખોરાક મળી રહે તે માટે કટિબદ્ધ થવાની જરૂર છે એવું નથી લાગતું? ‘ગુજરાતમિત્ર’ દૈનિક અખબારમાં કહેવાની વાત કોલમમાં નેહા શાહ દ્વારા પાણી સામાન્ય સંપત્તિમાંથી ખાનગી સંપત્તિમાં પરિવર્તન અને પ્રશાસનની બેજવાબદારી શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલ લેખમાં વિગતે માહિતી આપવામાં આવી છે.

**સુરત - ચંદ્રકાંત રાણા**

### છેવટે ગુજરાતી ફિલ્મે કમાલ કરી દેખાડી

ગુજરાતીમાં બનેલી ફિલ્મ ‘લાલો’ એ એટલી બધી કમાણી કરી કે આટલી બધી કમાણી કોઈ ગુજરાતી ફિલ્મે કરી હોય એવું ધ્યાનમાં નથી. જ્યારે એવું જાણવા મળ્યું કે આ ફિલ્મ હિન્દીમાં પણ ‘લાલો’ નામે જ રીલીઝ કરવામાં આવી છે અને હિન્દીમાં પણ સારો પ્રતિસાદ મેળવી રહી છે ત્યારે આપણે માટે એક ગુજરાતી તરીકે ગૌરવની વાત કહેવાય. ગુજરાતી ફિલ્મોને ઢોલીવુડ કહી નીચા પાડનારાઓના ગાલ પર આ એક જોરદાર તમાચો છે. આ ફિલ્મની ખાસિયત એ છે કે તેમાં કલાકારો બહુ ઓછા છે અને તદ્દન નવા છે. ફિલ્મ ઓછા ખર્ચે બની છે. ફિલ્મની ફોટોગ્રાફી સારી છે. હિન્દી ફિલ્મોમાં આવતી ફાઈટ,હિંસા,આઈટમ સોંગ,રોમાન્સ, ડાન્સ- આ બધું ન હોવા છતાં પ્રેક્ષકોને જોવા મજબૂર કરે છે. હીરો પરણેલો અને એક પુત્રીનો પિતા છે.માહોલ સૌરાષ્ટ્રનો હોવા છતાં જૂનાં ગુજરાતી ફિલ્મો જેવો નથી. ફિલ્મમાં વિલન નથી. પ્રેમની તડપ નથી. ફિલ્મમાં કૃષ્ણનું પાત્ર છે પણ ભકતનું પિક્ચર નથી. છતાં કૃષ્ણના માનવ પાત્રે કમાલ કરી છે. ફિલ્મમાં હીરોનો અભિનય કમાલનો છે. ફિલ્મ એક સંદેશ આપે છે તે પણ ફિલ્મની ખાસિયત છે. ખરેખર માયા લગાડે એવી ફિલ્મ છે. આવી ફિલ્મો બનતી રહે અને ગુજરાતનું નામ રોશન કરે એવી અભ્યર્થના.

**ગોડાદરા, સુરત - પ્રવીણ પરમાર**